

અરવલ્લી જિલ્લાના મોડાસાના જેબી શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે ડીએલ એસ એસ મોડાસાના ગ્રાઉન્ડમાં રાજ્યકક્ષાનો ૧૬ દિવસનો હોકીની રમતનો સમર કેમ્પ યોજાયો હતો. આ સમર કેમ્પમાં ડીએલએસએસના રાજ્યમાંથી અલગ અલગ જિલ્લાના ૮૧ સ્ટેટ અને નેશનલ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સંચાલીત ડી એલએસએસ અને સરકાર દ્વારા રહેવા અને જમવાની વ્યવસ્થા કરાઈ હતી. હોકીના ખેલાડીઓએ જુદી જુદી ટીમો બનાવી હોકીની સ્પર્ધા યોજી હતી. આ સ્પર્ધામાં ખેલાડીઓને પ્રોસાહન પુરૂ પાડવા જિલ્લાના કલેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના અંતે વિજેતા ટીમના ખેલાડીઓએ ઈનામ અપાયા હતા. આ સ્પર્ધામાં મોડાસાના પૂર્વ હોકી ખેલાડીઓએ પણ ભાગ લીધો હતો અને તેઓ વિજેતા બન્યા હતા.

### અમરાપુરમાં અદાવત રાખી

# મહિલાને નિવસ્ત્ર કરી માર મારતા ત્રણ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૭

હિંમતનગર તાલુકાના અમરાપુર ગામની એક યુવતીએ પોતાની જાતે શરીર પર કેરોસીન છાંટી આત્મહત્યા કરી લીધી હતી જે અંગે અદાવત રાખીને શનિવારે ગામના જ ત્રણ જણાએ મૃતકની માતાને નિવસ્ત્ર કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે અમરાપુર ગામના સપનાબેન જયેશસિંહ પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની દિકરી મનિષાએ અગમ્ય કારણોસર પોતાની જાતે શરીર પર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી લીધી હતી. જે અંગે અદાવત રાખીને શનિવારે ગામના સુંદરબેન સોમસિંહ પરમાર, સોમસિંહ જેહસિંહ પરમાર અને ઉદેસિંહ જેહસિંહ પરમારે ભેગા મળી મનિષાબેને કરેલી આત્મહત્યાની ઘટનાથી દુઃખી થઈ સપનાબેન પરમારને કહ્યુ હતુ કે તુ ગામમાં કેમ આવી છે. તેમ કહી સપનાબેનને નિવસ્ત્ર કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી સપનાબેને ત્રણેય જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### ભગવાન શ્રી સોમનાથ સમક્ષ

# સારા વરસાદની પ્રાર્થના કરતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી

**મુખ્યમંત્રીએ સરદાર વલ્લભભાઇ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી**



ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે પ્રથમ જ્યોર્તિલિંગ ભગવાન સોમનાથ સમક્ષ શીશ ઝૂકાવી સમગ્ર ગુજરાતની સુખશાંતિ તથા આગામી વર્ષાઋતુમાં સારા વરસાદની મંગલ કામના કરી હતી. તેમણે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનની સફળતાની મહેચ્છા પણ શ્રી સોમનાથ દાદા સમક્ષ પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી રૂપાણીએ આજે સવારે આસ્થાભેર ભગવાન શ્રી સોમનાથના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. પ્રથમ જ્યોર્તિલિંગ સમક્ષ પૂજાઅર્ચન કર્યા હતા. જ્યાં મંદિરના પૂજારી વિજયભાઇ ભટ્ટે તેમને વૈદિક મંત્રોના ગાન સાથે સંક્ષિપ્ત મહાપૂજન કરાવ્યું હતું. વિવિધ દ્રવ્ય અને પંચામૃત સાથે જ્યોર્તિલિંગનું પૂજન અને અભિષેક કર્યો હતો. પૂજા બાદ મહાદેવની આરતી ઉતારી આશકા ગ્રહણ કરી હતી. તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસ સાથે સારા વરસાદની મંગલકામના કરી હતી.

બાદમાં મુખ્યમંત્રી મંદિર પરિસરમાં રહેલી ભારત રત્ન સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે પહોંચ્યા હતા અને ત્યાં તેમણે અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલને પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ વેળાએ સાંસદ સર્વ રાજેશભાઇ ચુડાસમા, ચુનિભાઇ ગોહેલ, નગરપાલિકા પ્રમુખ જગદીશભાઇ ફોફંડી, સોમનાથ ટ્રસ્ટી જે. ડી. પરમાર, કલેક્ટર અજય પ્રકાશ, બીજ નિગમ ચેરમેન રાજશી જોટવા, ગુજકોમાશોલ વાઇસ ચેરમેન ગોવિંદભાઇ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# સુજલામ સુફલામ સૌથી મોટુ જળ અભિયાન બન્યુ : રૂપાણી

**હિરણ નદીનો કાંપ દૂર કરવામાં સહભાગી થયા : ગુજરાત સુજલામ સુફલામ જળ અભિયાનથી દેશને જળ સમૃદ્ધિનો પથ દર્શાવશે : રૂપાણી સોમનાથના સાનિધ્યમાં**



અમદાવાદ,તા.૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ પણે જણાવ્યુ હતુ કે સુજલામ સુફલામ જળ અભિયાન એ દેશનું સૌથી મોટું જળ અભિયાન બની રહ્યુ છે ગુજરાત આ મહાઅભિયાન દ્વારા દેશને જળ સમૃદ્ધિનો નવો પર્થ દર્શાવશે વિજયભાઈ રૂપાણી બાર જયોર્તિલીંગના પ્રથમ એવા સોમનાથ મહાદેવના ધામ સોમનાથ ખાતે ત્રિવેણી સંગમમાં હિરણ નદીના કાંપને દૂર કરી ગીર સોમનાથ જિલ્લામાં જળ અભિયાનમાં જોડાયા હતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં વધુ કહ્યુ હતુ કે, ભોળાનાથે જીવસૃષ્ટિના કલ્યાણ માટે ગંગાનું અવતરણ કર્યુ હતુ એ જ સોમનાથદાદાના સાનિધ્યમાં ત્રિવેણી સંગમ ખાતે હિરણ નદીના પવિત્ર પ્રવાહને પુનઃજીવીત કરવામાં આવી રહ્યો છે તે એક આનંદનો અવસર છે મુખ્યમંત્રીએ ગુજરાતમાં પાણીની તંગી દુષ્કાળ કે ભૂતકાળ અને રાજય પાણીદાર થાય તે માટે સરકાર દ્વારા કરાયેલા નક્કર આયોજનની રૂપરેખા આપતા કહ્યુ હતુ કે દરિયાના ખારા પાણીને શુદ્ધ કરી તેનો વપરાશ કરવા આગામી સમયમાં સૌરાષ્ટના દરિયા કાંઠે રૂ.૮૦૦ કરોડનો પ્લાન્ટ શરૂ થવા જઈ રહ્યો છે ગીર સોમનાથ જિલ્લા સહિતના સૌરાષ્ટ્રના દરિયા કાંઠના વિભાગોને આ ડીસલીનેશન પ્લાન્ટનો લાભ મળાવાનો છે.

વોટર રીસાઈકલીંગના બહુ આયામી પ્રોજેકટની ભૂમિકા આપતા મુખ્યમંત્રી કહ્યુ હતુ કે, ગટરના પાણીનો પુનઃ ઉપયોગ થઈ શકે અને ઉધોગોની પીણીની જરૂરિયાત પુરી પાડી શકાય તે માટે ડ્રેનેજ રીસાયકલીંગ યોજના આગામી મહિને જાહેર કરાશે સુજલામ-સુફલામ જળ અભિયાન લોક સહયોગને લીધે આગળ ધપી રહ્યુ છે તેમ જણાવી હાલ રાજયમાં ૧૩ હજાર તળાવો ઉંડા કરવા, ૬ હજારથી વધુ જેસીબી અને ૧૨ હજારથી વધુ ટ્રેકટર સહિતની મશીનરીને કામે લગાડવામાં આવી છે આ અભિયાનમાં ૧૧ હજાર લાખ ઘનફુટ માટીકાંપ દૂર થતાં સૌથી વધુ જળ સંગ્રહ ક્ષમતા ઉભી થશે તેમ તેમણે જણાવ્યું હતું.

# સરકારનું મગફળી ખરીદીનું ૫ હજાર કરોડનું કાંડ : કોંગી

**આગ મામલાની તપાસ સીઆઇડીને સોંપાઇ : મગફળી ગોડાઉનમાં લાગેલી આગ ત્રણ દિવસ બાદ પણ બેકાબૂ : ફાયરબ્રિગેડ દ્વારા આગ બુઝાવવાની કામગીરી**

અમદાવાદ,તા. ૮

રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીના સ્ટોકમાં આગ લાગવાની ચકચારભરી ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ આગના આ સમગ્ર પ્રકરણની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ છે, બીજીબાજુ, કોંગ્રેસ દ્વારા વારેઘડીયે મગફળીના ગોડાઉનોમાં આગ લાગવાની ઘટના બીજું કઈ નહી પરંતુ રાજય સરકારનું ગંભીર ષડયંત્ર ગણાવ્યું હતું. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ સરકારનું મગફળી ખરીદીનું પાંચ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને રાજકોટના શાપર-વેરાવળ હાઈવે પર આવેલા મગફળીના ગોડાઉનમાં લાગેલી આગના પ્રકરણમાં હાઈકોર્ટની સીટીંગ જજના વડપણ હેઠળ ન્યાયિક તપાસ કરાવવા ઉગ્ર માંગણી કરી હતી. બીજીબાજુ, રાજકોટના શાપર-વેરાવળ હાઈવે પર આવેલા મગફળીના ગોડાઉનમાં લાગેલી આગ આજે ત્રણ દિવસ બાદ પણ ઓલવાઈ નથી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા આગ બુઝાવવાની કામગીરી સતત હાથ ધરાઈ રહી છે. રવિવારે મોડી રાત્રે ભડકેલી આગમાં રૂ. ૪.૪૧ કરોડની કિંમતની મગફળીની ૨૮,૦૦૦ ગુણી (એક ગુણીનું વજન ૩૫ કિલો) આગમાં બળીને ખાખ થઈ ગઈ છે. છેલ્લા ચાર મહિનામાં મગફળીના ગોડાઉનમાં આગ લાગ્યાની આ ૪થી ઘટના છે. છાશવારે મગફળીના ગોડાઉનોમાં આ પ્રકારે લાગતી આગ અને તેમાં મગફળીના વિશાળ જથ્થાનો ભસ્મીભૂત કરી નાંખવાના ષડયંત્રને લઈ ખેડૂતોમાં પણ ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે.

# ઈડર ખાતે નાના બાળકોમાં પ્રથમવાર વૈજ્ઞાનિક ઢબે સમરકેમ્પ

ઈડર, તા. ૮

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા અઢીથી પાંચ વર્ષના બાળકો માટે પ્રથમવાર વૈજ્ઞાનિક ઢબે સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ઈડર આસપાસના જાગૃત વાલીની માંગને ધ્યાનમાં રાખીને આ આયોજન થયેલ છે. દેશ-વિદેશથી મંગાવાયેલ વિશેષ રમકડાં તથા શૈક્ષણિક સાધનોની મદદથી બાળકની બધી જ ઈન્દ્રિયોના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરની બાળકોને શીખવવાની વિશેષ પદ્ધતિઓ દ્વારા બાળકોને રમતા રમતા શીખવવામાં આવશે. લર્ન વીથ ફન ના થીમ ઉપર આધારિત આ સમરકેમ્પ બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ ઉપયોગી થશે. આઉટડોર, ઈનડોર તથા માઈન્ડ અને સેન્સીસ ડેવલપમેન્ટને લગતી વિવિધ પ્રવૃત્તિઓનો લાભ પ્રથમવાર ઈડરમાં મળવાનો છે. બહુજન સમાજને આ લાભ લેવા સ્કૂલ દ્વારા વિનંતી કરવામાં આવેલ છે.

# ભિલોડા તાલુકા સરકારી પશુ દવાખાનામાં બે ડૉક્ટરોની ઘટ

**સરકારી પશુ દવાખાનાના આઉટ પોસ્ટમાં પાંચ ડૉક્ટરોની ઘટ : સરકારી ફરતુ પશુ દવાખાનુ બંધ પશુપાલકો હેરાન-પરેશાન**







ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે સરકારી પશુ દવાખાનામાં બે ડૉક્ટરોની ઘટ છે. સરકારી પશુ દવાખાનાના ગ્રામ્યવિસ્તારના આઉટ પોસ્ટમાં પાંચ ડૉક્ટરોની ઘટ છે. સરકારી ફરતુ પશુ દવાખાનુ બંધ હાલતમાં છે. ગુજરાત રાજ્ય સરકાર પશુપાલન ખાતા ધ્વારા મોબાઈલ પશુ રોગ નિદાન માટે ફરતા પશુ દવાખાનાના વપરાશ માટે એમ્બ્યુલન્સ વાન વર્ષ-૨૦૦૯-૨૦૧૦ માં ફાળવવામાં આવી છે પરંતુ ડૉક્ટરોના અભાવે એમ્બ્યુલન્સ વાન ધુળ ખાઈ રહી છે ત્યારે પશુપાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.ભિલોડા સરકારી પશુ દવાખાનામાં ડૉક્ટરોની ઘટ હોવાના કારણે શામળજી પશુ દવાખાનામાં ફરજ બજાવતા ડૉ. આર. એ. સુરાણી છેલ્લા એક વર્ષથી ચાર્જ સંભાળી રહ્યા છે.

ભિલોડા તાલુકામાં અંદાજીત ૧,૮૦,૦૦૦/- પશુધન છે પરંતુ સરકારી નિષ્ણાંત પશુઓના ડૉક્ટરોની જગ્યાઓ ખાલી હોવાના કારણે પશુપાલકો ત્રાહિમામ પોકારી ઉઠતાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે. ભિલોડા તાલુકામાં ભૌગોલિક પરીસ્થિતીની દષ્ટીએ પ્રજાજનોની આવકનો મુખ્ય સ્ત્રોત ખેતી અને પશુપાલન ઉપર જીવન નિર્વાહ ચલાવતા કુંટુબોની સંખ્યા મોટા ભાગે વધુ જોવા મળે છે. પશુપાલનનો વ્યવસાય દિન-પ્રતિ-દિન ફુલીફાલી રહ્યો છે.

જાગૃત પશુપાલકોએ જણાવ્યું હતું કે ભિલોડા તાલુકા મથક ખાતે સરકારી પશુ દવાખાનામાં બે ડૉક્ટરોની છેલ્લા એક વર્ષથી ઘટ છે.અત્રે ઉલ્લેખનીય છે કે ભિલોડા તાલુકાના આઉટ પોસ્ટના ગ્રામ્ય વિસ્તારના મઉં, ખેરાડી, ટોરડા, લુસડીયા, બોલુન્દ્રામાં સરકારી પશુ દવાખાનાના ડૉક્ટરોની ઘટ છે.પશુપાલકોમાં તીવ્ર રોષની લાગણી જોવા મળી રહી છે.

ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા પશુપાલકોને પ્રોત્સાહિત કરવા માટે અનવની યોજનાઓ ધ્વારા આકર્ષીત કરાઈ રહ્યા છે. શ્વેત ક્રાંતીની મોટી-મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે પરંતુ સરકારી પશુ દવાખાનાના ડૉક્ટરોના અભાવે પશુપાલકો ભારે મુશ્કેલીમાં મુંકાતા હોય છે.પશુપાલકોને જ્યારે પશુ બિમાર પડે ત્યારે પ્રાઈવેટ ડૉક્ટરો અને વેટેનરીના ડૉક્ટરોનો સહારો લેવો પડતો હોય છે. પશુઓની દવાઓનો જથ્થો આવે છે પરંતુ નિષ્ણાંત સરકારી ડૉક્ટરોની ઘટ પુરવામાં આવતી નથી.સરકારી ડૉક્ટરોના અભાવે પશુપાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સરકારી પશુ દવાખાનામાં સત્વરે પશુઓના નિષ્ણાંત ડૉક્ટરોની ભરતી કરવામાં આવે તેવી પશુપાલકોની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડા તાલુકા મથક ખાતે નવા ભવનાથ વિસ્તારમાં આવેલ વિશાળ પટ્ટાંગણમાં સરકારી પશુ દવાખાનાના ખંડેર જર્જરીત મકાનોની રૂમોમાં પ્રેમી-પંખીડાઓના અડીંગા રહેતા હોય છે.રાત્રી દરમ્યાન અંધારામાં અજુકતા કૃત્યો થઈ રહ્યા છે. રાત્રી દરમ્યાન દારૂડીયાઓ દારૂની મહેફીલ જમાવતા હોય છે. રખડતા પશુઓ પણ અડીંગો જમાવી રહ્યા છે.

# પ્રાંતિજ ખારી નદી પુલ પર બસ અને ટ્રક વચ્ચે અકસ્માત






પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ખારી અમરાપુર પાસે ટ્રક ચાલક ફુલ ઝડપે હંકારી લાવીને બસ સાથે અકસ્માત સર્જીને પુલ સાથે અથડાઈ તો બસમાં સવાર ત્રણ મુસાફરોનો આબાદ બચાવ થયો.

પ્રાંતિજના અમરાપુર ખારી નદીના પુલ ઉપર પ્રાંતિજથી જુનાગઢ જતી બસ નંબર-જીજે.૧૮ઝેડ.૦૮૭૩ને ટ્રક નંબર-જીજે.૩૧.ટી.૧૪૩૬ ના ચાલકે ફુલફાસ્ટ હંકારી લાવી અડફટે લેતા બસનો સાઈડનો ભાગ વળીને કુચડો થઈ ગયો હતો. ટ્રકનો આગળનો ભાગ કુચડો થઈ ગયો હતો તો ટ્રક પુલ સાથે અથડાતાં પુલને પણ નુકસાન થયું હતું. બસમાં સવાર ડ્રાઈવર કંડકટર સહિત ત્રણ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. આટલો મોટો જીવલેણ અકસ્માત બન્યો છતાં એસટી વિભાગ દ્વારા પોલીસ ફરીયાદ કરવાને બદલે રોડ ઉપર જ ટ્રક માલિક પાસેથી ખર્ચ સહિત ચા પાણીમાં નમતું જોખ્યું હતું. બીજી બાજુ સરકારી ધરોહર પુલને પણ ટ્રક ધડકાભેર અથડાતા નુકશાન પહોંચ્યુ હતું. અકસ્માત સમાચાર મળતાં પ્રાંતિજ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. આ અંગે એસટી ડેપોમા ડેપો મેનેજર સર્પક કરતાં તેવોએ કેમેરા સામે કાઈ પણ બોલવાની ના પાડી હતી અને અમને અમારે અમારો ખર્ચ મળી જતાં અમારે સામે કોઈ ફરીયાદ કરવાની રહેતી નથી. તો બીજી બાજુ સરકારી ધરોહર પુલને પણ નુકસાન પહોંચ્યુ હતું. આટલો મોટો જીવલેણ અકસ્માત છતાં પોલીસ પણ સ્થળ ઉપર આવીને પાછી ગઈ અને તલોદમાં આવે છે તેમ કહીને તે પણ ચાલતી થઈ હતી પણ અકસ્માત પ્રાંતિજ સીમમા જ હતો તો હાલ તો પોલીસ સ્ટેશનમાં ચા પાણીના જોરે કોઈ ફરીયાદ નોંધાઈ નથી તેવું જાણવાં મળી રહ્યું છે.

# બનાસકાંઠા જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહેલ જળસંચયના કામો

પાલનપુર, તા. ૭

રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલ સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અન્વયે તા. ૧ થી ૩૧ મે- ૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ-૫૩૮૯ કામો કરવાનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંગીન આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૭ મે સુધીમાં જિલ્લામાં કુલ-૧૩૨૦ કામો શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ૫૯૭ કામો પૂર્ણ થયા છે.વરસાદના વહી જતાં પાણીને રોકીને ભૂગર્ભ જળસ્તર ઉપર લાવવા આ અભિયાન દ્વારા તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાનાં કામ, નદીને પુનઃજીવીત કરવાની કામગીરી, વન તલાવડી રિપેરીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કેનાલ ક્લિનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે.

# પ્રાંતિજના ધડકણ ખાતે પાવાજી માતાજીનો બે દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**યજ્ઞમાં ૫૩ માઇભક્તોએ ભાગ લઇ ધન્યતા અનુભવી**

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ધડકણ ખાતે પાવાજી માતાજીનો ભવ્ય શિખર પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે ગ્રામજનો દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં ધડકણ ખાતે રહેતા પાટીદાર સમાજના ૫૩ જેટલા યજમાનોએ યજ્ઞમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. મુખ્ય યજમાન પદે હાલ અમેરિકામાં સ્થાયી કનુભાઈ પટેનના પરિવારે લાભ લીધો હતો. શાસ્ત્રીય વિધિવત પૂજા અર્ચના કરવામા આવી હતી. સમગ્ર ગ્રામજનો દ્વારા માતાજીની બેન્ડવાજા સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બીજા દિવસે શ્રીફળ હોમયા બાદ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.

## હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જામી જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે હિમવર્ષાના કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ ગયો છે. ગઈકાલે પણ સતત હિમવર્ષા થઈ હતી. કેદારનાથમાં સતત હિમવર્ષા અને વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. સવારે ૧૦ વાગે વરસાદ અને હિમવર્ષા શરૂ થયા બાદ સતત છ કલાક સુધી વરસાદ અને હિમવર્ષા જારી રહેતા લોકો અટવાઈ પડ્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બીજી બાજુ ભારે વરસાદ અને હિમવર્ષા છતાં કેદારનાથ અને અન્યત્ર રોકાયેલા શ્રદ્ધાળુઓમાં રહેલા ઉસાહમાં કોઈ ઘટાડો થયો નથી. શ્રદ્ધાળુઓ વરસાદી માહોલમાં પણ કેદારનાથમાં પહોંચવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ ખરાબ હવામાનના લીધે કેદારનાથ માટે સંચાલિત હેલિકોપ્ટર સેવાને પણ અસર થઈ છે. પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવત કેદારનાથ ધામ પહોંચ્યા હતા અને બાબા કેદારનાથના દર્શન કર્યા હતા. કેદારનાથ મંદિરના સંબંધિતો સાથે વાતચીત કરી હતી. કેદારનાથ ધામમાં હજુ પણ ગુજરાત સરકારના પોસ્ટર લાગેલા હોવાથી હરીશ રાવતને આશ્ચર્ય થયું હતું. કેદારનાથ મંદિર તરફ દોરી જતા માર્ગને વધુ વ્યવસ્થિત કરીને સ્થાનિક વેપારીઓની દુકાનોને દૂર કરવામાં આવી છે જેનાથી ત્યાં નારાજગી પણ જોવા મળી હતી.

## ભૂત છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુવિધા મળી રહી છે. આ દુખદ બાબત છે કે, કોંગ્રેસના વિરોધી આ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. અમે જ્યારે મનરેગા લાવ્યા હતા ત્યારે ભાજપ અને મોદીએ આનો વિરોધ કર્યો હતો. કર્ણાટકના ખેડૂત ભીષણ દૂકાળનો સામનો કરી રહ્યા છે જેથી સિદ્ધારમૈયાએ મોદીને મદદ કરવા માટે સમયની માંગ કરી હતી પરંતુ મોદીએ મળવાનો ઈન્કાર કરી દીધો હતો. સિદ્ધારમૈયાને ન મળીને મોદીએ કર્ણાટકની પ્રજાને અપમાનિત કરી હતી. મોદી પર કોંગ્રેસ મુક્ત ભારતનું ઝનુન છે તેમને કોંગ્રેસ મુક્ત ભારતનું ભુત લાગેલુ છે. મોદી પોતાની સામે કોઈને પણ ચલાવી લેવાની સ્થિતિમાં નથી. સોનિયાએ કહ્યું હતું કે, મોદી એક સારા અભિનેતા તરીકે ભાષણ આપે છે. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, ભાષણથી પેટ ભરાતા નથી. બિમારીની સારવાર માટે દવાની જરૂર હોય છે. ભાષણની જરૂર હોતી નથી. ઈતિહાસના ખોટા તથ્યોને મોદી દ્વારા રજૂ કરવામાં આવે છે. દેશના વીરોના નામનો ઉપયોગ રાજકીય ફાયદા માટે કરતા રહે છે.

## ઝુંબેશ ઉપાડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગળ વધવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરોને પણ આ અંગે મોનીટરીંગ કરવા માટે જણાવવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવશે.

નાણાં વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે પ્રધાનમંત્રીના કાર્યાલયે પણ ગુજરાતના આ નબળા દેખાવ અંગે નારાજગી વ્યક્ત કરતાં વિભાગ હરકતમાં આવ્યુ છે અને હવે આ માટે ટૂંક જ સમયમાં સંયુક્ત અભિયાન હાથ ધરાશે.

સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી ગ્રામસભા અભિયાનમાં આ મુદ્દાને એજન્ડામાં સમાવી અને બેંક તેમજ વિમા નિગમના અધિકારીઓ ગ્રામજનોને સમજ આપશે.

જિલ્લાની બેંકર્સ મિટીંગમાં પણ આ અંગે નિયમિત રીતે રિવ્યુ લેવામાં આવશે અને થયેલી પ્રગતિ અંગેનો અહેવાલ નાણાં વિભાગને મોકલવામાં આવશે.

## મનપાના હવાલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવામાં આવી છે. આમ એક દાયકા દરમિયાન સમગ્ર યોજના પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ લાંબા સમયના અંતે પણ તળાવ વિકાસની યોજના સાકાર થઈ નથી. તળાવને પીકનિક સ્પોટ બનાવી શકાયુ નથી. તળાવના તળિયાની તરસ જ છીપાતી નથી. જેના લીધે તળાવમાં પાણી ટકતુ નથી. તળાવના તળિયાનો ટેકનિકલ અભ્યાસ હાથ ધરી અન્ય તળાવની જેમ પાણી ભરાય તે માટે પણ અત્યાર સુધી પાટનગર યોજના વિભાગ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા છે. પરંતુ તળાવ વિકાસની યોજનાને અંજામ આપી શકાયો નથી. જયારે થોડા સમય અગાઉ આ તળાવ કોર્પોરેશનને સોંપી દેવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જે અન્વયે હવે સે-૧ નુ તળાવ કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યુ છે.